ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૫ ટકા

# પીડીપીયુ વિસ્તારમાં નોનવેજની હાટડીઓથી ત્રાહીમામ

## આડેધડ પાર્કીંગ અને નાની નાની બાબતે મોડી રાત્રે તકરારો યથાવત : નશામાં ચૂર થઈને જમવા આવતા ઈસમોથી રહીશોએ આ અડ્ડા દૂર કરવાની માંગ કરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના પીડીપીયુ રોડ ઉપર નોનવેજની હાટડીઓ ખુલી જવાના કારણે આસપાસના વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠયા છે. પીડીપીયુ રોડ ઉપર રાત પડતાં જ આડેધડ વાહનો પાર્ક થવાના કારણે નાની નાની તકરારો થતી રહે છે. તો અહીં જમવા આવતા અસામાજિક તત્વોના બેફામ વાણી વિલાસના લીધે આ વિસ્તારના રહીશોને અત્રેના રોડ ઉપરથી નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે ત્યારે ગેરકાયદે ચાલતી નોનવેજની હાટડીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ વસાહતીઓમાં પ્રબળ બની છે. ખેતરમાં શરૂ થયેલી નોનવેજની હાટડીઓમાં ફાયર સેફટી સહિતના સાધનો પણ નથી હોતા. ભવિષ્યમાં આગની ઘટના ઘટે તો મોટી દુર્ઘટના થવાની પણ સંભાવના છે. આ હાટડીઓ અસામાજિક તત્વોનો અડ્ડો બની ગઈ હોવાથી તાકીદે તંત્રએ પગલાં ભરવા જોઈએ. જો કે ગાંધીનગરમાં બિલાડીના ટોપની માફક નોનવેજની લારીઓનો રાફડો ફાટી ચૂકયો છે. ત્યારે ગેરકાયદેસર લારીઓ સામે તંત્ર દ્વારા કુણું વલણ અપનાવવામાં



આવી રહ્યું હોવાની બુમરાણ ઉઠી છે. ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી કાયદો વ્યવસ્થાનાં ધજાગરા ઉડાવી અસામાજિક તત્વો બેફામ બનીને આતંક મચાવી ભયનો માહોલ ફેલાવી રહ્યા છે. નશામાં ચૂર થઈને જમવા આવતાં ઈસમોથી આસપાસની સોસાયટીના રહીશો ત્રાહિમામ થઈ ચૂકયા છે. કોરોનાકાળ બાદ ધીમે ધીમે રાત્રી કર્ફયુ બંધ થતાની સાથે અસામાજિક તત્વો જાણે રાહ જોઈને જ બેઠા હતા તેમ અહીંયા અડ્ડા જમાવીને બેસે છે. આ વિસ્તારમાં ખાણીપીણીની શોપ હોવાથી નબીરાઓ આવીને મોડી રાત સુધી બેસી રહે છે. ગાડીઓમાં જોર જોરથી મ્યુઝિક વગાડવું, બર્થ ડે પાર્ટી સેલીબ્રેશન અવનવા ધતીંગવેડા કરવામાં આવી રહ્યા છે. પોલીસ તંત્ર દ્વારા રાત્રી પેટ્રોલિંગ દરમિયાન આ વિસ્તારમાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિ સામે નજર કરવામાં આવે તો ઘણું બધું બહાર નીકળી શકે તેમ છે. નબીરાઓની ગાડીઓનું ચેકીંગ કરવામાં આવે તો નશાયુકત ચીજવસ્તુઓ મળી શકે તેમ છે. આ વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ અવશ્ય વધારવું જોઈએ. યુવા પેઢીને બરબાદ કરવા માટે નશેડી ગેંગ પોતાની યશાશકિતનો ભરપૂર ઉપયોગ કરી રહી છે. જેમાં યુવાધન ફસાઈ રહ્યું છે. મોડી રાત સુધી કોઈ અહીંયા ભજન-કીર્તન કરવા માટે ભેગા થતા નથી જે સામાન્ય વ્યકિતને પણ સમજાય તેવી બાબત છે. અગાઉ હુક્કાબાર પર પોલીસ તંત્રએ કડક વલણ અપનાવ્યું હતું જે અનિવાર્ય જ હતું પરંતુ હાલમાં નબીરાઓનો આતંક વધવા પામ્યો છે. જેમાં પોલીસ તંત્રએ કડકમાં કડક ચેકીંગ કરવું રહ્યું. ખાણીપીણીના બહાને અન્ય ધંધાઓ ચાલતા હોય તેવું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું તેથી આસપાસના રહીશોએ નોનવેજની હાટડીઓ દૂર કરવાની ઉગ્ર માંગ કરી છે.

## જન્મદિને વધામણી



મહર્ષિ રાવલ
મોટીવેશનલ ટ્રેનર
મો. ૯૯૭૯૮ ૯૮૭૪૨



હિતેષ વિનોદ જોષી
મો. ૮૦૦૦૭ ૭૨૫૦૨



હેતાર્થ કેયુર શાહ
મો. ૯૮૨૪૬ ૧૦૬૫૦



જીતેન્દ્ર ત્રિવેદી
મો. ૯૮૨૫૨ ૭૬૫૨૯

# ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સંદર્ભે બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

ભગવાન જગન્નાથજીની પંચદેવ મંદિર ગાંધીનગરથી પરંપરાગત ગત રથયાત્રા મહોત્સવ સમિતિ દ્વારા લોકદર્શન અંગે ગાધીનગર શહેરના સેકટરમાં નિયત કરેલ રુટ પ્રમાણે સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ભગવાન જગન્નાથજીની શહેરમાં લોકદર્શન અંગે શહેરના સેકટરમાં આવનાર છે જેનું વસાહત મહાસંઘ ના સંલગ્ન સેકટરોના વસાહત મંડળો દ્વારા ફુલહાર આરતી પુજા કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવશે તથા અમુક જગ્યાએ ઠંડુ પાણી છાશ શબત જેવી વ્યવસ્થા કરવામાં આવનાર છે અને શહેરના નાગરિકો મોટી સંખ્યામાં જોડાઈ ધાર્મિક પસંગનો લાભ લેવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પરંપરાગત લોકદર્શન અંગે સેકટરમાં આવનાર ભગવાન



જગન્નાથજીની રથયાત્રાનું દરેક નાગરિકો એ પુજા અર્ચના કરી દર્શનનો લાભ લેવા અને પોતાના રુટ પર આવે ત્યારે સહકાર આપવા અને મોટી સંખ્યામાં જોડાવવા નમ્ર અપીલ કરી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના તમામ હોદેદારોએ તા.૧-૭-૨૦૨૨ ને શુક્રવારે સવારે વહેલા ૬-૪૫ કલાકે ભગવાન જગન્નાથજીની આરતી પુજા ના દર્શનનો લાભ લેવા તથા રથયાત્રાના શુભ પ્રયાણ સમયે પંચદેવ મંદિર ખાતે હાજર રહી ધાર્મિક પર્વનો લાભ લેવામાં આવશે દરેક ને સમયસર હાજર રહેવા નમ્ર અપીલ કરી છે.

રથયાત્રા મહોત્સવ સમિતિ ના મહામંત્રી દિનેશભાઈ કાપડીયા એ ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ ના હોદેદારો તથા સંલગ્ન સેકટરોના વસાહત મંડળોને રથયાત્રામાં જોડાવવા તથા રુટ પ્રમાણે સ્વાગત કરવા માટે સંસ્થા ના પમુખ કેશરીસિહ બિહોલાને રુબરુ મળી આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું અને વસાહતીઓ સાથે બેઠક કરી સહયોગ આપવા માંટે જાહેર આહવાન કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ કેશરીસિહ બિહોલા એ પુરેપુરો સહકાર આપવા માટે તથા રથયાત્રાના પ્રયાણ સમયે દરેક હોદેદારો સહિત હાજર રહેવા ખાતરી આપી હતી.

# કલ્પતરૂ પ્રોજેકટના ઉદઘાટન પ્રસંગે ગ્રીન વેલી સ્કૂલના બાળકોનું શાનદાર પરફોમન્સ



ગાંધીનગર, તા.૨૮

કલ્પતરૂ પ્રોજેકટનું ઉદઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કલ્પતરૂ પ્રોજેકટ અંતર્ગત એક વ્યક્તિ એક વૃક્ષ વાવવું તેમજ તેની જાળવણી કરવી અને આ પ્રોજકેટ માં અંદાજે ૪૦ લાખ જેટલા વૃક્ષો વાવવાનું લક્ષ્યાંક છે. જે ઉદઘાટન સમારોહમાં ગાંધીનગરની એક માત્ર ગ્રીન વેલી સ્કૂલ ફોર ચિલ્ડ્રન ને આમંત્રણ આપવામાં આવ્યું હતું. સ્કૂલના બાળકો દ્વારા ખુબજ શાનદાર પરફોમન્સ કરવામાં આવ્યું હતું.

ગ્રીન વેલી સ્કૂલ ફોર ચિલ્ડ્રન કે જે સ્કૂલ ને ગત વર્ષે બેસ્ટ ગ્રીન સ્કૂલ, ગાંધીનગરનો એવોર્ડ મળ્યો હતો, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સ્કૂલના બાળકોને પર્યાવરણની જાળવણી કરવા તેમજ તેમના આજના પ્રોગ્રામમાં શાનદાર પ્રદર્શન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, સ્કૂલના બાળકો દ્વારા મુખ્યમંત્રીને શાળાની વિઝિટ કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું જેનો મુખ્યમંત્રી દ્વારા સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત કાર્યક્રમ સફળ બનાવવા માટે પ્રિન્સિપાલ રિચા દિક્ષિત, વૈશાલીબેન બેલાની તેમજ ડાન્સ ટીચર્સ આશાબેન પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. સંસ્થાના મેનેજીંગ ડાયરેકટર નિલેશભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતાં.




એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઈયર બડ્સ એક્ટિવિટી કરવામાં આવી હતી. જેમાં નાના નાના ભૂલકાંઓએ ચાર્ટ પેપર પર ઈયર બડ્સની મદદથી કલરમાં ઈયર બડ્સ ડીપ કરીને અલગ અલગ ટ્રી, ફિશ, બટરફલાય સન, વગેરે બનાવ્યું હતું અને બાળકોએ એક્ટિવિટી કરીને અનેરો આનંદ પ્રાપ્ત કર્યો હતો.

# સિવિલ હોસ્પિટલમાં હિમોફિલિયાથી પિડીતો માટે ઈન્જેકશનની સુવિધા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરની રજુઆતને ધ્યાને લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હિમોફિલિયાના રોગ થી પીડાતા લોકો માટે સારવાર માટે અહીંથી જ ઈન્જેક્શન મળી રહેશે એ રીતેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વ્યવસ્થા થવાથી હવે ગાંધીનગરમાં અને આજુબાજુના વિસ્તારોમાંથી પણ હિમોફિલિયાથી પીડાતા બાળકોને અમદાવાદ સોલા હોસ્પિટલ જવાની જરૂરીયાત નહી રહે. આ રોગ માતા પિતાનામાંથી બાળકોમાં આવતો રોગ છે જે ગર્ભાવસ્થા દરમિયાન ડોક્ટર સાથે કાઉન્સેલીંગ કરી બચી શકાય છે આ મુખ્યત્વે પ્રોટીનની કમીને કારણે ઉપસ્થિત થાય છે. હિમોફિલિયા બે પ્રકારના હોય છે એ અને બી, જેમાં એ પ્રકારના રોગમાં ફેકટર-૮ ની ઊણપ હોય છે અને બી પ્રકારના રોગમાં ફેકટર - ૯ ની ઉણપ હોય છે. આ રોગ માં એક જીન ખરાબ થઈ જાય છે જેના કારણે શરીરમાં થતું કલોટીંગ ના નિર્માણ થવાની ક્ષમતાને અસર કરે છે જેમાં સૌથી વધારે છોકરાઓમાં જોવા મળે છે. જેના માટે ફેક્ટર ૮ ના ઈન્જેક્શનની જરૂરિયાત હોય છે. જે હવે થી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મળી રહેશે જે માટે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોરનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો.

# શ્રી પંચદેવ મંદિર ખાતે 'પટબંધન' વિધી



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના નગરદેવ શ્રી પંચદેવ મંદિરના આંગણે ૩૮મી પથયાત્રા મહોત્સવ અંગભૂત ભગવાન જગન્નાથ, બલરામજી તથા બહેન સુભદ્રાજીને મામાને ત્યાં આંખો ઉઠી હતી તે રોગ નિવારણ હેતુ ટીંડોરીના પાન દ્વારા દેવોના વૈદ્ય ધન્વંતરી તથા સુર્પણ વૈદ્યનું સ્મરણ કરી પંચદેવના ભાનુશંકર શાસ્ત્રીજી અને નીલકંઠ શાસ્ત્રીજીએ 'પટબંધન' વિધિ કરી હતી.

# લાયન્સ ક્લબ ગાંધીનગર ફેમિનાનો શપથવિધી કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા.૨૮

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાની ટીમનો ત્રીજા વર્ષે પ્રવેશ વિધી કાર્યક્રમ હોટેલ ગ્રાન્ડ મર્કયુરે ગિફટ સિટી ખાતે યોજાયો હતો. પ્રમુખ પદે પીએસવાય ગ્રુપના લાયન ડિમ્પલ દેસાઈ અને સેક્રેટરી પદે જાગૃતિ વ્યાસ તેમજ ટ્રેઝરર તરીકે ભૂમિ જોગણીની વરણી કરવામાં આવી હતી. ફેમિના માત્ર મહિલાઓની મહિલાઓ દ્વારા સંચાલિત કલબ છે. આ કાર્યક્રમમાં ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર રાકેશભાઈ એ નવા હોદ્દેદારોને તેમની ફરજથી વાકેફ કરી ફેમિનાની ટીમને શપથ લેવડાવ્યા હતા. મુખ્ય મહેમાન પદે નેશનલ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ કાઉન્સિલ ગુજરાતના પ્રેસિડન્ટ સુરેશભાઈ પટેલે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતુ. પૂર્વ ડીસ્ટ્રીકટ ગર્વનર હરેન્દ્રભાઈ શુકલાએ ફેમિના કલબને આશિર્વચન પાઠવ્યા હતા. તેમજ ડીસ્ટ્રીકટના હોદ્દેદારો તેમજ ફેમિનાના સભ્યો હાજર રહ્યા હતા. કલબ મેમ્બર ડિરેકટરી 'ઉડાન' નું પણ વિમોચન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમનું સંચાલન અનામિકાબેન અંજારિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેક્ટર-૧૭ ખાતે સ્વામી વિવેકાનંદ પરિવાર દ્વારા છાત્રાલય પ્રવેશોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૨૮

સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેકટર-૧૭ ખાતે સ્વામી વિવેકાનંદ પરિવાર, ગાંધીનગર દ્વારા નગર માં પ્રથમ વખત છાત્રાલય પ્રવેશોત્સવના સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે 'પાટનગર પ્રભાત' ના તંત્રી અને સામાજિક અગ્રણી વિનોદકુમાર ઉદેચા તથા નિસર્ગ સાયન્સ સેન્ટર ના ડાયરેકટર અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સ્વામી વિવેકાનંદ તપોવન સંસ્કાર છાત્રાલયના મેનેજીંગ ડાયરેકટર સુરેશભાઈ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન માં છાત્રાલય ની વ્યવસ્થા તથા વાલીગણ અને વિદ્યાર્થીઓ ને સંસ્કાર સહિત અભ્યાસ પર ભાર મુકતાં વિદ્યાર્થીઓની શિસ્તને આવકારેલ અને નવા વિધાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી તથા અતિથિ વિશેષ તથા સાથીદારો નો આભાર વ્યકત કર્યો હતો. ઉચ્ચ પરિણામ હાંસલ કરેલ વિધાર્થીઓને મહેમાનોના હસ્તે ટ્રોફી એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. અનિલભાઈ પટેલ દ્વારા અંધશ્રદ્ધા નિર્મૂલન ઉપર ઉદાહરણ સહિત સંસાધનો દ્વારા પ્રેક્ટિકલ પ્રયોગ કરીને બની બેઠેલા ભુવા,જ્યોતિષી ઓ દ્વારા થતી છેતરપીંડીથી ચેતવણી આપતો તથા અંધશ્રદ્ધા દુર કરતો સુંદર કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. છાત્રાલયના સંચાલક મંડળ સદસ્ય એવા સુરેશભાઈ પટેલ, સુનિલભાઈ પટેલ, નૈલેશભાઈ પટેલ, હિરલબેન પટેલ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુનિલભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# બ્રહ્માકુમારી વિદ્યાલયની મેડિકલ વિંગ દ્વારા સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં કોરોના વોરિયર્સનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૨૮

કોરોનાના ગોઝારા કાળમાં જેઓનો જરૂરી તાત્કાલિક સારવાર પ્રાપ્ત થયેથી આબાદ બચાવ થયો છે એમના હૃદયની હાશ આશીર્વદને ધ્યાન લઈએ તો પોતાના જીવના જોખમે અંત શ્વાસ સુધી દર્દીઓની સેવા કરવાનું જેમનું લક્ષ્ય હોય તે કોરોના વોરિયર્સનું જેટલું પણ સન્માન કરીએ તે ઓછું છે.

જે અંતર્ગત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય માઉન્ટ આબુની મેડિકલ વિંગ અને બ્રહ્માકુમારીઝ સેક્ટર-૨૮ ગાંધીનગર તરફથી તારીખ ૩૦.૬.૨૦૨૨ ગુરુવારે બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ દરમ્યાન કોરોના વોરિયર્સનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્ટાફ નર્સ, ૧૦૦ ટેક્નિકલ સ્ટાફ, ૧૦૦ સિક્યુરિટીઝ, ૪૩૫ એડ.મિનિસ્ટ્રેટિવ સ્ટાફ, ટેલિફોન, સફાઈ કામદાર મળી ૧૪૦૦ જેટલાં વ્યક્તિઓનું સન્માન કરવામાં આવશે.

# સે-૬ ડિસ્ટ્રિક્ટ શોપિંગના વેપારીઓને સ્થાનિક પ્રશ્નોની રજુઆતની તક મળી

## મેયર સહિત હોદ્દેદારો અને પદાધિકારીઓએ વેપારી એસોસિએશન સાથે બેઠક યોજી અને રૂબરૂ સ્થળ મુલાકાત પણ કરી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના વોર્ડ નં. ૧૦માં સમાવિષ્ટ સેક્ટર-૬ ખાતે ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટરમાં એક કાર્યક્રમ યોજાયો હતો જેમાં મેયર સહિત હોદ્દેદારો અને પદાધિકારીઓ સહિત ભાજપના શહેર સંગઠનના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટર સહિત વહેપારીઓએ સેક્ટરને લગતા પ્રશ્નો અંગે રજુઆત કરી હતી.

ગાંધીનગર મહાનગર પાલિકાના સેક્ટર -૬ના ડિસ્ટ્રિક્ટ શોપિંગ વહેપારી એસોસિયેશન દ્વારા શોપિંગની મેયર બન્યા પછી પ્રથમ મુલાકાત સંદર્ભે એસોસીએશન પ્રમુખ સુભાષ પટેલ અને હોદ્દેદારો દ્વારા



હિતેષભાઈ મકવાણાનું ઉષ્માભર્યું સ્વાગત કરી આવકાર આપ્યો હતો. આ સાથે મહાનગરપાલિકાના તમામ હોદ્દેદારો ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જશુભાઈ પટેલ તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભાજપ ગાંધીનગર મહાનગર સંગઠનના પ્રમુખ રુચિરભાઈ ભટ્ટની પણ ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે સેકટર-૬ના કોર્પોરેશનને લાગતા પ્રશ્નોની વહેપારીઓ દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી અને હોદ્દેદારોએ સેક્ટર-૬ના તમામ સ્થળોની મુલાકાત લીધી હતી તેમજ પ્રશ્નોના સમાધાન માટે જરૂરી કામની સૂચનાઓ અધિકારીઓને આપવામાં આવી હતી. આ પ્રસંગે સ્થાનિક કોર્પોરેટર અને ભાજપના પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ 'દાસ' દ્વારા ઉપસ્થિત રહી સ્થાનિક પ્રશ્નોની છણાવટ કરવામાં આવી હતી.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગરના સંપર્કવિભાગ દ્વારા પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગર, સંપર્ક વિભાગ દ્વારા સ્વામીનારાયણ ગુરુકુળ, સે-૨૨, ગાંધીનગર ખાતે ભારતની સ્વતંત્રતાના અમૃત મહોત્સવ નિમિત્તે જે. નંદકુમાર, પ્રજ્ઞા પ્રવાહ રાષ્ટ્રીય સંયોજક, લિખિત 'સ્વરાજ@૭૫ : સંઘર્ષ ભારત કે 'સ્વ' કા' પુસ્તકનું વિમોચન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગુજરાત પ્રાંત સંઘચાલકજી ભરતભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા સંઘચાલક હર્ષદભાઈ પટેલ, વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સ્વરાજ@૭૫ પુસ્તકમાં વણાયેલ સંઘર્ષ ગાથાઓ અને ચળવળ દરમ્યાન થયેલી વિશેષ ઘટનાઓ અંગે વિસ્તૃત પરિચય પરિમલભાઈ પાઠક, સહ સંપર્ક પ્રમુખ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગુજરાત પ્રાંત દ્વારા અવગત કર્યા હતા. આ કાર્યક્રમમાં પ્રબુદ્ધ નાગરીકો, પ્રશાસનમાં કાર્યરત તથા નિવૃત્ત અધિકારીઓ, સેવાપ્રદાતાઓ મળી બહોળી સંખ્યામાં રાષ્ટ્ર ચિંતકો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. ચાવડા કેશરબેન શકરાભાઈ, ઉ.વ. ૭૯, સેકટર-૧૩